# ક .મા .મુનશીની‘ પાટણની પ્રભુતા ’નવલકથાની ગદ્ય સમીક્ષા

ડોડીયા અતુલકુમાર સવદાસભાઈ
ગુજરાતી વિભાગ
વી .એન .એસ .જી .યુનિવર્સિટી સુરત.
Email:-atul.dodiya1119@gmail.com
Mo:-9574898113

## અમૂર્ત

ગદ્ય સંજ્ઞા વ્યાપક છે. પદ્યમાં અને પદ્ય જેટલું કાર્ય ગદ્યમાં જોવામાં મળતું નથી. જો ગદ્ય વિશે વાત થઈ હોય તો તે મૂળ સ્વરૂપલક્ષી અધ્યયન જોવા મળે છે.ક્યારેક કોઈ એક શબ્દ વડે સંપૂર્ણ ગદ્યની વાત કરી દેવામાં આવે છે. તેથી ગદ્યની શાસ્ત્રીય કે પછી કોઈ પદ્ધતિ દ્વારા વાત કરવી અવશ્ય છે. દરેક ગદ્ય સ્વરૂપ પોતાની આગવી વિશેષતા ધરાવતું હોય છે. તે ઉપરાંત તેના શબ્દો, વાક્યવિન્યાસ, અલંકારો, રૂઢિપ્રયોગ, પરિચ્છેદ જેવી અનેક બાબતોના આધારે તેની ચર્ચા થઈ શકે છે. ગદ્ય વિશે ઘણાં વિષયો પર સંશોધન થઈ શકે છે.

## પ્રસ્તાવના:

ગદ્યનો અર્થ સાર્થ શબ્દકોશ અનુસાર ' ગવાય નહિ એવું', પદ્યથી ઊલટું – સાદુ લખાણ. અન્ય અર્થ જોઈએ તો બોલવું કે સાદી નીરસ ભાષા. અંગ્રેજીમાં ગદ્ય માટે 'prose' શબ્દ વપરાય છે. ગદ્યને ચંદ્રકાંત ટોપીવાળા અલગ અલગ વિભાગમાં વહેંચે છે.

૧.લલિત ગદ્ય : સાહિત્યનું ગદ્ય

૨. લલિતેતર ગદ્ય : (1) રોજિંદા જીવનમાં બોલતું ગદ્ય (2) પુસ્તકોનું ગદ્ય

મોટા ભાગે કૃતિની સમીક્ષા તેના કથાવસ્તુ, વસ્તુસંકલના, રચનારીતિ, પરિવેશ, વાતાવરણ, ટેકનીક, ચરિત્રો વગેરેના આધારે થતી હોય છે. જ્યારે ગદ્ય સમીક્ષાની વાત આવે ત્યારે પ્રવાહી, બળકટ, કાવ્યાત્મક, જાડી ખાદીનું વગેરે જેવા એકાદ શબ્દથી કહી દેવામાં આવે છે. જ્યારે વાસ્તવમાં ગદ્યએ કૃતિમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ગદ્ય જ કૃતિને પ્રભાવક બનાવે છે. કોઈ પણ કૃતિમાં પ્રયુક્તિ કે અન્ય ઘટક ત્યારે જ સફળ બને જયારે તે ગદ્ય વડે મૂળભૂત રીતે અભિવ્યકત થતું હોય. સફળ કે પ્રભાવશાળી ગદ્યમાં શબ્દો દ્વારા જ અમૂર્ત ને મૂર્ત બનાવવાની કળા હોય છે.

ગદ્યનું ઉપાદાન શબ્દ છે. સાહિત્યમાં અભિવ્યક્તિનું સાધન ગદ્ય છે.તો ગદ્ય વિચાર,ભાવ,કલ્પન કે સત્યને સીધી રીતે કે આડકતરી રીતે અભિવ્યક્તિ કરવાનું માધ્યમ બની રહે છે.

## ક. મા. મુનશીની "પાટણની પ્રભુતા" નવલકથાની ગદ્યની સમીક્ષા:

હવે કનૈયાલાલ માણેકલાલ મુનશીની ' પાટણની પ્રભૂતા' નવલકથાની ગદ્ય સમીક્ષાની વાત કરીશ.સર્જકે યુગ ,વિષય વસ્તુ ,પાત્રો ,સ્થાન ,ઘટના કે પ્રસંગ જેવા અનેક પરિબળોના આધારે ગદ્યનું નિરૂપણ કરવાનું હોય છે.

આ ઐતિહાસિક નવલકથા હોવાથી તેનું પહેલો મુદ્દો એ આવે કે ઐતિહાસિક નવલકથા સમકક્ષ શબ્દો, અલંકારો, વિશેષણો, પાત્રોચિત ભાષા, લય-લહેકો , લઢણ હોવી પણ અનિવાર્ય શરત બને છે.

આ નવલકથાના ગદ્યમાં શબ્દોનું પ્રયોજન પણ આકર્ષક રીતે થયેલ છે. જેમ કે, વહાણું (પ્રભાસ), યાળ (પશુના વાળ, સિંહના વાળ),અહોનિશ (દિનરાત), ગલિચ(ગંદુ પાણી ), જમૈયો ( કટાર જેવું હથિયાર) , કોટે, ગંજી ( ઘાસનો ઢગલો), અવનિ (પૃથ્વી) વગેરે જેવા અનેક શબ્દોનો પ્રયોગ જોવા મળે છે. આ શબ્દો આપણને મુનશીના શબ્દ ભંડોળનો પરિચય કરાવે છે. ( શૈલી વિશે)

નવલકથામાં રૂઢિપ્રયોગ કહેવતોનો વિનિયોગ પણ મોટા પાયે થયો છે. જેમ કે,

'હરખમાં હાથ ચોળવા'

'હર્ષની હાક મારવી'

'માથે કરચલી પડવી'

'પગે દુપટ્ટો બાંધ્યો'

' સઈનો દીકરો જીવે ત્યાં સુધી સીવે'

'ગરજ સરી કે વૈદ વેરી'

'હાર્યો જુગારી, બમણું રમે'

આ રૂઢિપ્રયોગ અને કહેવતો ભાષાને પ્રોઢ બનાવે છે.

આ સંદર્ભે ઔચિત્યનું પરિબળ પણ ગદ્યમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. કૃતિમાં શબ્દો , રૂઢિપ્રયોગો, કહેવતો, અલંકારો કે વિશેષણોનું યોગ્ય અને સહજ રીતે આલેખન થયું હોવું જોઈએ. જો સર્જક ઘટના કે પ્રસંગને ભવ્ય અને ચમત્કૃતિયુક્ત બનાવવા માટે વિશેષણો અને અલકારોનો ગમે તે રીતે ઉપયોગ કરે તો કૃતિમાં કુત્રિમતા આપો આપ સામે આવે. કૃતિ નીરસ અને શુષ્ક બને.

હવે દેવપ્રસાદ અને મીનળદેવીના સંવાદ જોઈએ. જેમ કે,

' મંડલેશ્વર ! પાટણની રાણી કોઈની પણ ડરાવી ડરતી નથી.'

' ત્યારે જોઉં તો ખરો કે, ભીમદેવ સોલંકીના પૌત્રને પાંજરામાં પૂરનાર કોણ છે ? કહી મંડલેશ્વરે મૂછો મરડી ; પછી નરમ પડી કહ્યું: કાકી ! હજું કાંઈક સારી સલાહ લો, અને કલહં મૂળ ટાળો.'

આ સંવાદોમાં ભાવક પણ પાટણની રાણીનો અહંકાર અનુભવી શકે છે. તેના પાછળનું પરિબળ શબ્દોની વાક્યમાં ગોઠવણી, ઉપરાંત વિરામચિહ્ન પણ અગત્યની ભૂમિકા ભજવે છે. આપણે એ પણ જોઈ શકીએ છે કે જો સંવાદને વ્યાકરણ ક્રમ – કર્તા,કર્મ અને ક્રિયાપદમાં ગોઠવીએ તો વાક્યનો મૂળભૂત આત્મા લુપ્ત થઈ જશે. સંવાદમાં સંયોજકો પણ વિવિધ ભૂમિકા ભજવે છ આ દરેક બાબતો મુનશીના ગદ્યને ઉત્કૃષ્ટ બનાવે છે. જ્યારે કૃતિની સ્વરૂપલક્ષી સમીક્ષા કરવામાં આવે તો નબળી પુરવાર થાય છે.

## તારણો:

1. આ નવલકથાનું ગદ્ય ઐતિહાસિક સમયનો અનુભવ કરાવે છે.
2. લેખકની શબ્દ પસંદગી ઉત્કૃષ્ટ જોવા મળે છે.
3. વાક્યવિન્યાસ, કહેવતો, રૂઢિપ્રયોગો દ્વારા તાજગીનો અનુભવ કરાવે છે.
4. આ નવલકથાના ગદ્યમાં આપણને મુખ્ય વસ્તુબાદ કરતા પણ ગદ્ય કલાત્મક લાગે છે.
5. સ્વરૂપલક્ષી વાત કરીએ તો નવલકથા સ્વરૂપ કરતાં નાટક સ્વરૂપની વધારે નજીક લાગે છે.

## સંદર્ભસૂચિ:


1. સોલંકી કિશોરસિંહ ,નિસર્ગ આહીર,સંપાદક ,૨૦૨૪ પ્રથમ આવૃત્તિ,ગુજરાતી સર્જનાત્મક ગદ્ય, પ્રઅમદાવાદ ,પાર્શ્વ પબ્લિકેશન .
2. જોષી સુરેશ, 'ગુજરાતી સર્જનાત્મક ગદ્ય એક સંકલન',પહેલી આવૃત્તિ ૧૯૮૧, પ્ર. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા
3. પઢિયાર દલપત, 'ગાંધીયુગનું ગદ્ય',પહેલી આવૃત્તિ ૨૦૧૭, પ્ર. ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર